દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૮ નવેમ્બર, ૨૦૨૫

# અમેરિકાનું લાંબુલચક શટડાઉન: સપ્તાહો સુધી લોકો હેરાન થયા

અમેરિકામાં દોઢ મહિના જેટલા સમયથી સરકારી શટડાઉન ચાલી રહ્યું હતું, જેનો હાલમાં ગયા બુધવારે અંત આવ્યો. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે સરકારી ભંડોળ બિલ પર હસ્તાક્ષર કર્યા, જેના કારણે ૪૩ દિવસના રેકોર્ડ શટડાઉનનો અંત આવ્યો, જે શટડાઉનના કારણે ફેડરલ કર્મચારીઓને પગાર વગર નાણાકીય તણાવનો સામનો કરવો પડ્યો, એરપોર્ટ પર ઘણા મુસાફરો ફસાયા અને કેટલીક ફૂડ બેંકોમાં લાંબી લાઇનો ઉભી થઈ હતી. બીજી પણ અનેક અંધાધૂંધી કે મુશ્કેલી સર્જાઇ હતી. અમેરિકામાં એક વિચિત્ર વ્યવસ્થા છે. ત્યાં સરકારી ખર્ચાઓ માટેના ભંડોળો સંસદમાં મંજૂર કરાવવા પડે છે અને જો તે મંજૂર થઇ શકે નહીં તો અનેક સરકારી કામો અને સેવાઓ અટકી પડે છે, આવશ્યક સિવાયની અનેક સરકારી સેવાઓ અટકાવી દેવાય છે અને જે સેવાઓ ચાલુ હોય તેમાંના પણ કર્મચારીઓને કેટલીક વખત પગારની ચુકવણી થઇ શકતી નથી જેને ગવર્મેન્ટ શટડાઉન કહેવામાં આવે છે. અમેરિકામાં આ પહેલા અનેક વખતે શટડાઉન થયું છે પરંતુ આ વખતનું શટડાઉન અમેરિકાના ઇતિહાસનું સૌથી લાંબુ શટડાઉન હતું.

આ વખતે સરકારી ખર્ચાઓ મંજૂર કરતા બિલને પસાર કરવામાં ઘણી વખત થાય છે તેમ રિપબ્લિકનો અને ડેમોક્રેટો વચ્ચે મડાગાંઠ સર્જાઇ. પરંતુ આ મડાગાંઠ જલદી ઉકેલાઇ નહીં. અને વળી પ્રમુખપદે માથાફરેલ ડોનાલ્ડ ટ્રમ્પ છે. તેમણે શટડાઉન જલદી ખતમ થાય તેની પરવા કરી નહીં. ટ્રમ્પે ડેમોક્રેટ્સને તેમની માંગણીઓ પર નમતું મૂકવા માટે દબાણ કરવા માટે અભૂતપૂર્વ એકપક્ષીય પગલાં લીધાં - પ્રોજેક્ટ્સ રદ કરવા અને ફેડરલ કર્મચારીઓને કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો હતો. આ શટડાઉનને કારણે વોશિંગ્ટનમાં વ્યાપક પક્ષીય વિભાજન સર્જાયું હતુ. રિપબ્લિકન પ્રમુખે પરિસ્થિતિ માટે ડેમોક્રેટ્સ પર દોષારોપણ કર્યું અને સૂચન કર્યું કે મતદારોએ આગામી વર્ષની મધ્યસત્ર ચૂંટણી દરમિયાન આ પાર્ટીને કોઇ પુરસ્કાર ન આપવો જોઈએ. હું અમેરિકન લોકોને કહેવા માંગુ છું કે, તમારે આ ભૂલવું જોઈએ નહીં, ટ્રમ્પે કહ્યું. દેખીતી રીતે તેમણે શટડાઉનની સ્થિતિનો રાજકીય લાભ ઉઠાવવા પ્રયાસ કર્યો. શટડાઉન લંબાતું ગયું, સ્થિતિ એવી આવી કે એર ટ્રાફિક કંટ્રોલરોને પગાર નહીં ચુકવી શકાતા દેશભરના એરપોર્ટો પર ફ્લાઇટોમાં કાપ મૂકવાનો આદેશ ઉડ્ડયન નિયંત્રકે આપવો પડ્યો.

જો કે છેવટે મોડે મોડે સરકારને ભંડોળો પસાર કરાવવામાં સફળતા મળી. કેટલાક ડેમોક્રેટ સાંસદો ખરડાની તરફેણમાં મતદાન કરવા તૈયાર થયા, જેમને કદાચ તેમના પક્ષ તરફથી પણ આ માટે લીલી ઝંડી હતી અને છેવટે ખરડો પસાર થયો અને તેના પર પ્રમુખના હસ્તાક્ષર થયા અને ૪૩ દિવસથી ચાલતા શટડાઉનનો અંત આવ્યો. હસ્તાક્ષર સમારોહ હાઉસ દ્વારા ૨૨૨-૨૦૯ ના મોટાભાગે પાર્ટી-લાઇન મત પર બિલ પસાર કર્યાના થોડા કલાકો પછી જ યોજાયો હતો. સેનેટે સોમવારે આ ખરડો પસાર કરી દીધો હતો. ડેમોક્રેટ્સ વર્ષના અંતમાં સમાપ્ત થતી ઉન્નત ટેક્સ ક્રેડિટને લંબાવવા માંગતા હતા જે એફોર્ડેબલ કેર એક્ટ માર્કેટપ્લેસ દ્વારા મળતા આરોગ્ય કવરેજના ખર્ચને ઘટાડે છે. તેમણે ટૂંકા ગાળાના ખર્ચ બિલને ટેકો આપવાનો ઇનકાર કર્યો હતો જેમાં તે પ્રાથમિકતાનો સમાવેશ થતો ન હતો. પરંતુ રિપબ્લિકનોએ કહ્યું કે તે એક અલગ નીતિગત લડાઈ છે જે બીજા સમયે થઇ શકશે. હેલ્થ કેર ટેક્સ ક્રેડિટને લંબાવવા માટે સરકારી ભંડોળનો ઉપયોગ થવા દેવાના મામલે રિપબ્લિકનો ઝુકશે નહીં એવા તારણ પર પહોંચ્યા બાદ આઠ સેનેટરોએ ડેમોક્રેટો સાથે પક્ષીય લાઇન તોડીને શટડાઉનનો અંત લાવવા માટેના ખરડાને ટેકો આપવા માટે સમાધાન કર્યું તે પછી આ ખરડો પસાર થઇ શક્યો હતો. આ શટડાઉનનો તો અંત આવ્યો પણ અમેરિકાના આ વિશિષ્ટ વ્યવસ્થાને કારણે કેવી સ્થિતિ સર્જાઇ શકે છે તેની ઝલક સૌને જોવા મળી.

## ફરી ફરી શરૂઆત

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

નીપા એક બહુ જ બ્રાઈટ સ્પોર્ટ્સ વુમન એથલેટ હતી.રાત દિવસની મહેનત અને લગનથી તે નેશનલ લેવલ સુધી પહોંચી હતી.પણ મહત્ત્વની નેશનલ પ્રતિયોગિતાના દસ દિવસ પહેલાં તેને ઈજા થઇ અને ત્રણ મહિનાનું ફ્રેક્ચર આવ્યું. નીપા નાસીપાસ થઇ ગઈ. તે રડવા લાગી અને બોલી, ‘‘હવે મારું સ્પોર્ટ્સ કેરિયર પૂરું થઈ જશે.હું નેશનલ લેવલ પર ભાગ લેત તો ચોક્કસ જીતીને ઇન્ટરનેશનલ લેવલ સુધી પહોંચીને દેશનું નામ રોશન કરત પણ મારા નસીબ ખરાબ. હવે કશું જ થઇ નહિ શકે. આ ઈજાને કારણે મારાં બધાં સપનાં તૂટી ગયાં.’નીપાના પપ્પા જે તેના કોચ પણ હતા તેઓ બોલ્યા, ‘‘નીપા તને રડવું છે તો રડી લે પણ એમ વિચારવાની જરૂર નથી કે બધું પૂરું થઈ ગયું, સપનાં તૂટી ગયાં. તને ઈજા થઇ છે તેમાં તું હિંમત અને સકારાત્મકતા રાખ તો ત્રણ મહિનામાં ઈજામાંથી બહાર આવી જઈશ.’’નીપા બોલી, ‘‘ત્રણ મહિના કેટલો લાંબો સમય છે અને ત્રણ મહિના પછી હું કેટલી સાજી થઈશ ફરી દોડી શકીશ કે નહિ તેની કયાં ખબર છે. મને લાગે છે કે મારું કેરિયર આ ઈજાને કારણે પૂરું જ થઈ જશે.’’ નીપાના પપ્પાએ જરા કડક શબ્દોમાં કહ્યું, ‘‘નીપા, નકારાત્મક વાતો બંધ કર...અત્યારે ઈજા થઇ છે એટલે ભલે તું એક પ્રતિયોગિતામાં ભાગ લઇ નહિ શકે પણ ત્રણ મહિના પછી ફરી નવી શરૂઆત કરીશું. તું હિંમત રાખ.’’નીપા બોલી, ‘‘તમને લાગે છે પપ્પા કે ફરી શરૂઆત શક્ય છે?’’પપ્પાએ કહ્યું, ‘‘જો નીપા આ બારી બહાર દેખાતાં લીલાંછમ ઝાડનાં પાંદડાં પાનખર ઋતુમાં ખરી જાય છે...પણ થોડા સમયમાં મોસમ બદલાય છે અને ફરી નવી કૂંપળ ફૂટે છે ,નવા પાન ઊગે છે અને ઝાડ ફરી લીલુંછમ થઈ જાય છે...આ હિમાચ્છાદિત શિખર પરનો બરફ ઉનાળામાં પીગળે છે અને અસ્તિત્વ ગુમાવી દે છે પણ ફરી મોસમ બદલાતાં શિયાળામાં ફરી તે શિખરોની શોભા બની છવાઈ જાય છે.’’ નીપા બોલી, ‘‘તો શું પપ્પા એ તો પ્રકૃતિનો નિયમ છે..’’તેના પપ્પાએ કહ્યું, ‘‘હા, હું પણ એ જ સમજાઉં છું કે પ્રકૃતિનો નિયમ છે કે જીવનમાં જે કોઈ વસ્તુનો અંત આવે છે ...તે દરેક અંત એક નવી શરૂઆતની તક હોય છે.... જીવનમાં અંત આવે તો ત્યાર બાદ ફરી ફરી નવી શરૂઆત શક્ય છે જ. આ જ નિયમ તું પણ જીવનમાં અપનાવી લે. આ ઈજા એ કાયમી અંત નથી. ત્રણ મહિના બાદ આરામ કરીને તું બમણી મહેનતથી ફરી નવી શરૂઆત કરજે ...ચોક્કસ સફળતા મળશે.’’ પપ્પાએ નીપાને સાચી સમજ અને હિંમત આપી.



# નવી શિક્ષણ નીતિમાં ઈન્ટર્નશીપનો મુદ્દો ચિંતાજનક બનવા લાગ્યો છે

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**હવે આપણે જથ્થાબંધના ભાવે, તમામ વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ કેવી રીતે કરાવવાની? વળી ઈન્ટર્નશીપ બહાર કંપનીમાં, બેન્કમાં, સ્કૂલમાં કે વ્યવસાયમાં જઈને કરવાની હોય છે જો વાત પાંચ-પચ્ચીસ છોકરાની હોય તો વાત બરાબર છે પણ હજારો વિદ્યાર્થીઓને કંઈ સ્કૂલ, બેંક કે ફેક્ટરી મહિનો કામ કરવા મોકળાશ કરી આપે?**

મહાન શિક્ષણશાસ્ત્રીઓને અને પ્રવચનકારોને શિક્ષણક્ષેત્રનાં રોજીંદા પ્રશ્નો અને વ્યવહારુ મુશ્કેલીઓનો ખ્યાલ ન હોય તે સ્વાભાવિક છે. વર્ષ 2020 માં ઘડાયેલી અને વર્ષ 2023 થી ગુજરાતના ઉચ્ચ શિક્ષણમાં લાગુ કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિમાં આમ તો અનેક નવી વાતો હતી જેના વ્યાપક વખાણ થયાં હતાં પણ હવે જેમજેમ અમલીકરણનો અનુભવ થતો જાય છે તેમ તેમ તેની અવ્યવહારુ જોગવાઈ સામનો કરવો પડે છે. ઉચ્ચશિક્ષણનાં સત્તાવાળાઓ આ અવ્યવહારુ જોગવાઈ વિષે ઉપરના લેવલે રજૂઆત કરવાને બદલે નીચેના કર્મચારીઓ પર યેનકેન પ્રકારે આનો અમલ કરવાના દબાણો અને આદેશો કરે છે.

સૌ જાણે છે કે વિદ્યાર્થીને વિષય પસંદગીની જે સ્વતન્ત્રતા નવી શિક્ષણ નીતિમાં આપવામાં આવી છે. તેનો વ્યવહારમાં બહુ મર્યાદિત અમલ થયો છે. એક સાથે બે કોલેજમાં ભણી શકાય તેવું તો ક્યાંય બન્યું જ નથી. હજુ ઓનલાઈન કોર્સ મારફતે ભણવાની વાત પણ ક્યાંય થતી હોય તેવું બન્યું નથી. એકેડમિક બેંક ઓફ ક્રેડીટની મુશ્કેલીઓ દેખાવાની તો હજુ હવે શરુ થશે અને જેમજેમ વર્ષો થશે તેમતેમ આ ડેટા કેવી રીતે જાળવવો તેની ચિંતા થવા લાગશે. વિદ્યાર્થીઓના સ્થળાંતર અને ડ્રોપ આઉટના પ્રશ્નો સમય જતા મોટા પ્રશ્નો સર્જશે અને આ બધી ચિંતાનો ઉકેલ વિચારીએ તે પહેલા સામે આવ્યો છે વિદ્યાર્થીએ ફરજીયાત કરવાની ઈન્ટર્નશીપનો પ્રશ્ન!

નવી શિક્ષણ નીતિ અનુસાર હવેથી વિદ્યાર્થીએ છઠ્ઠા સેમેસ્ટરમાં પોતાના વિષયનું પ્રાયોગિક જ્ઞાન મળે અને વ્યવસાયિક અનુભવ મળે તે માટે ઈન્ટર્નશીપ કરવાની છે. વળી જેમને બે જ સેમેસ્ટર અભ્યાસ કરીને કે ચાર સેમેસ્ટર અભ્યાસ કરીને ડિપ્લોમાં કે સર્ટિફીકેટ મેળવવું છે તેમણે પણ ઈન્ટર્નશીપ તો કરવી જ પડશે. ટૂંકમાં દર વર્ષે ચાર લાખ વિદ્યાર્થી બારમું પાસ કરે છે, તેમાંથી ત્રણ લાખ પણ કોલેજમાં એડમિશન લે તો તે આર્ટ્સ કરે સાયન્સ કરે કે કોમર્સ કરે તેને ઈન્ટર્નશીપ કરવી જ પડશે. તે વગર તેને ડિપ્લોમા સર્ટી કે ડીગ્રી કંઈ મળવા પાત્ર થશે નહિ. ગુજરતમાં 2023 થી નવી શિક્ષણ નીતિનો અમલ થયો એટલે આ વર્ષ કોલેજનું ત્રીજું વર્ષ થયું અને આ દિવાળી પછીનું છઠ્ઠું સેમેસ્ટર અત્યારે શરુ થયું. હવે આ સેમેસ્ટરમાં ગુજરતમાં કોલેજ કરતા તમામ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ કરવાની થશે. પછી તે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત એમ ભાષાનો વિદ્યાર્થી હોય કે કોમર્સનો કે વિજ્ઞાનમાં બાયોલોજી કેમેસ્ટ્રી કે મેથ્સનો હોય! ઈન્ટર્નશીપ તો ફરજીયાત જ છે.

આ અગાઉ મેડીકલમાં, કે જર્નાલીઝમ જેવા વ્યવસાયિક કોર્સમાં ઈન્ટર્નશીપ ફરજીયાત હતી, ઓછી સંખ્યાના વિદ્યાર્થીઓ હોય અને વ્યવસાયિક કે કૌશલ્યવર્ધક કોર્સ હોય ત્યાં ઈન્ટર્નશીપ હોય તે સમજી શકાય. પણ હવે આપણે જથ્થાબંધના ભાવે, તમામ વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ કેવી રીતે કરાવવાની? વળી ઈન્ટર્નશીપ બહાર કંપનીમાં, બેન્કમાં, સ્કૂલમાં કે વ્યવસાયમાં જઈને કરવાની હોય છે જો વાત પાંચ-પચ્ચીસ છોકરાની હોય તો વાત બરાબર છે પણ હજારો વિદ્યાર્થીઓને કંઈ સ્કૂલ, બેંક કે ફેક્ટરી મહિનો કામ કરવા મોકળાશ કરી આપે? જ્યાં સુધી બીએડ્ કોલેજો થોડી હતી ત્યાં સુધી સ્કૂલો તાલીમી શિક્ષકોને અઠવાડિયું ભણાવવા આવવા દેતા હતાં પણ જ્યારથી હજારો સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરુ થઈ છે ત્યારથી સ્કૂલો આવા તાલીમી વિદ્યાર્થીઓને ના પાડવા લાગી છે. હવે તેમાં જો ભાષાનાં વિદ્યાર્થીઓને ત્યાં ભણાવવા મોકલવાનું વિચારીએ તો સ્કૂલો ક્યાંથી હા પાડે? કોમર્સનાં વિદ્યાર્થીઓને બેંકમાં કંપનીમાં કે સહકારી પ્રવૃત્તિમાં ઈન્ટર્નશીપ કરવા મોકલી શકાય પણ બેંક કે મંડળી કે કંપની એકાદ બે છોકરાને આ માટે હા પાડે, સો-સો છોકરાને ક્યાંથી હા પાડે?

આ ફરજીયાત ઈન્ટર્નશીપનો મુદ્દો હજુ યુનિવર્સિટીઓ એ ગંભીરતા પૂર્વક વિચારવાનું શરુ કર્યું નથી, હજુ તો ગયા સેમેસ્ટરની પરીક્ષાઓ થશે. પછી ફેબ્રુઆરીમાં આનો ગોટો વાળી દેવાની વ્યવસ્થા થશે પણ નવી શિક્ષણ નીતિનાં ઘણા મુદ્દાઓમાં નવેસરથી વિચાર કરવો પડશે તે વાત કોઈ ઉપરની સત્તાને નહીં કરે! વિચારો, સંસ્કૃત વિષયમાં અભ્યાસ કરનારા એ કર્મકાંડમાં, કથાવાર્તામાં ઈન્ટર્નશીપ કરવાની થાય! ઈતિહાસવાળા વિદ્યાર્થીને પુરાતત્વની સંસ્થાઓ કે સંશોધનમાં કાર્યરત સંસ્થાઓમાં ઈન્ટર્નશીપ કરવાની થાય. બધા ભાષાનાં વિદ્યાર્થીઓ માત્ર શિક્ષક તરીકે જ જ્ઞાન મેળવે તેવું હોય? શું લાગે છે? શિક્ષણ નીતીનાં ઘડવૈયાઓ એ વિચાર્યું હશે કે એક રાજ્યમાં કેમેસ્ટ્રી રાખનારા પચ્ચીસહજાર વિદ્યાર્થીઓને કેમિકલની કંપનીઓ કામ આપી શકશે? મેથ્સનાં પંદર-સોળ હજાર વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ક્યાં કરવાની? તરાવવી જ હોય તો તબકડામાં પાણી ભરીને પણ હોડી તરાવી શકાય પણ એને વહાણવટાની ઈન્ટર્નશીપ ન કહી શકાય!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# કુત્તેકા ભી એક દિન આતા હૈ ક્યા..?

## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**બંગલામાં રહેનાર ભલે ઊંચા દરજ્જાનો બોસ હોય, પણ કૂતરાના મગજમાં એક જ ફાંકો, કે આ બંગલાનો દસ્તાવેજ મારા નામે છે, હું જ સૌનો બોસ..! માણસ જાતે કૂતરાંને એટલો ચગાવ્યો છે કે, કૂતરો હોમ ડેકોરનો ભાગ બની ગયો**

કૂતરાંઓને આ વાતની ખબર નથી એટલું સારું છે, કે ‘કુત્તેકા ભી એક દિન આતા હૈ’ નહિ તો જન્મસિદ્ધ અધિકાર ભોગવવા એ લોકોએ પણ આંદોલનનો માર્ગ પસંદ કર્યો હોત..! લોકશાહી છે એવું લાગવું જોઈએ ને..? આગલા બે પગ ઊંચા કરીને ‘હાઊઊઊ.. હૌઊઊઊ..હોઓઓઓઓ..!’ કરીને ડબલ વોલ્ટેજથી ભસે એ એમનું આંદોલન. જેનો અર્થ એવો થાય કે ‘હમારી માંગે પૂરી કરો..!’આ ભાષા આમ તો કૂતરાની છે પણ ચમનિયાને જ સમજાય..! જે સાઉથ આફ્રિકાનાં ઝુંડમાં કોઈ ગુજરાતી રહેતો હોય, એને આપોઆપ આફ્રિકાની ભાષા આવડી જાય, એમ ચમનિયાને કૂતરાની ભાષા આવડી ગયેલી..! મહોલ્લામાં રોજના ૧૦-૧૫ કૂતરાં ધામો નાંખીને પડેલાં જ હોય. એટલે કૂતરાંની હરકત અને ભાષા એને જચી ગયેલી..! આ ‘બેનીફીટ’બધાને નહિ મળે. માણસ કરતાં કૂતરાઓની વસ્તી જ્યાં વધારે હોય તેને જ આ ભાષા લાધે..! અમદાવાદનું ભૂસું, રાજકોટની ચટણી, વડોદરાનો ચેવડો, આણંદના ગોટા, ભરૂચનાં ભજીયાં, સુરતનો લોચો, ઘારી, પોંક, નવસારીની સેવ-ખમણી ને વલસાડના ખમણ વખણાય એમ, ચમનિયાના મહોલ્લાના કૂતરા વખણાય. લડે બહુ પણ કારણ નહિ સમજાય..! બાકી એકતામાં તો કોઈને નહિ ગાંઠે. એકાદ કૂતરાને છીંક આવે તો પણ બધાં ભેગાં થઈ જાય. માણસોને ભેગાં કરવાં હોય તો ભંડારો કરવો પડે. ત્યારે કૂતરાઓને એવું કંઈ નહિ. જો ખાના દે ઉસકા ભી ભલા, ના દે ઉસકા ભી ભલા પણ કૂતરાની કોઈ સળી કરવા ગયું તો ખલ્લાસ..! આખા ગામના કૂતરાં ભેગાં થઈ જાય..!

ફાર્મ-હાઉસ જેવું છે મામૂ..! ફાર્મ-હાઉસ, દિવસના રળિયામણું લાગે, પણ રાત પડે તો ‘બે-ફામ’પણ બની જાય, ભરોસો નહિ. કૂતરાનું પણ એવું જ..! બંદા રાત પડે ને તેવર બદલે..! મગજે તાવો ચઢ્યો તો પગની પીંડી પણ પકડે..! એક પણ કૂતરાએ, આવેશમાં આવીને કોઈના ગાલે બચકાં ભર્યાં હોય, એવું સાંભળ્યું નથી..! પાછા સંસ્કારી એવા કે, જો માણસ લડતા હોય તો કૂતરાં માથું મારતાં નથી. ભણેલાં નથી છતાં કૂતરાં એવું સમજે કે, “સૌ સૌનાં કરમ ભોગવે, એમાં આપણે શું?”કૂતરા પણ કૂતરાઈ બતાવે. પણ કૂતરાં લડતાં હોય ત્યારે, માણસને કૂદી પડવાની આદત ખરી. કૂતરાની લડાઈ સાથે કોઈ લેવા-દેવા ના હોય છતાં, ‘હઅઅઅડ’નું હથિયાર કાઢે..! પણ એક વાત છે, કૂતરાઓ ધીંગાણે ચઢે તો FIR ફાટતી નથી, ત્યારે આપણી ફાટે..!

વફાદારી અને ચોકીદારીમાં આજે પણ કૂતરાની બોલબાલા છે. એટલે જ તો લોકો ઓટલા ઉપર માણસને બદલે, કૂતરાં બાંધવાનું પસંદ કરે. કૂતરાંની શહેનશાહી પણ કેવી? ઘરે બાંધો તો, ટોમી-રાજા-શેરુ-મખ્ખન જેવાં પ્રતિષ્ઠાવર્ધક નામથી નવાજીસ થાય. ત્યારે માણસ માટે સોમલો-કિલીયો-રમશો કે નાથિયા જેવાં વિશેષણો વપરાય. કૂતરામાં પણ BPL (BPL એટલે બાપના પૈસે લહેર નહિ, એવું કૂતરામાં નહિ આવે..!) પણ કૂતરો પાળેલો હોય તો, નવાબી અને રખડતો હોય તો ‘હઅઅડ’થી હડધૂત થાય. ક્યાંક ક્યાંક તો માણસની ઓળખ કૂતરાથી પંકાય...! કોઈને પૂછીએ કે, રતનજીનું ઘર ક્યાં આવ્યું..? તો તે આપણને પૂરક પ્રશ્ન કરે કે, કયો રતનજી..? પેલો કાળો કૂતરો રાખે ઇઅઅ..? એના કપાળમાં કાંદા ફોડું, માણસ કૂતરાથી ઓળખાય..!

કૂતરો...માત્ર પાળતુ પ્રાણી નથી, ઘરનો Chief Entertainment Officer (CEO) છે. ક્યાંક જોયું હશે કે, ગૃહ પ્રવેશ કરો તો, પહેલું સ્વાગત કૂતરો કરે! આપણે તો કોઈ જુદા જ ગ્રહમાંથી ઊતરી આવ્યાં હોય એમ, પહેલાં તો આપણને જોઈને નસકોરાં ફુલાવે. આપણી પાસે ઓળખપત્ર કે આધારકાર્ડ જોવા માંગતો હોય એમ ભોંકવા લાગે. ભોંઓઓ.. ભોંઓઓઓ કરવું, એ કૂતરાંની સ્વાગત-ક્રિયા છે. “ભૂંઉઉઉ.. ભૂંઉઉઉઉ”એ એની નારાજગીની પ્રક્રિયા છે! બંગલામાં રહેનાર ભલે ઊંચા દરજ્જાનો બોસ હોય, પણ કૂતરાના મગજમાં એક જ ફાંકો, કે આ બંગલાનો દસ્તાવેજ મારા નામે છે, હું જ સૌનો બોસ..! માણસ જાતે કૂતરાંને એટલો ચગાવ્યો છે કે, કૂતરો હોમ ડેકોરનો ભાગ બની ગયો. એના વગર ઓટલો વિધુર લાગતો હોય એમ, હવે તો ઓટલે ઓટલે ગાયને બદલે કૂતરાં બંધાવા લાગ્યાં. મોબાઈલ જેટલું જ કૂતરાનું મહત્ત્વ વધતું ચાલ્યું. જેમ મોબાઈલ આજની પેઢીનું ઘરેણું છે, એમ કૂતરો પણ આજકાલ માનવીનો દાગીનો બની ગયો. કૂતરો આજની પેઢીનું ટેડીબેર છે..! કૂતરો એક આશ્વાસન છે. એવી દલીલ નહિ કરાય કે, માનવીના પૂર્વજો વાંદરા હતા તો, માણસે કૂતરાને બદલે વાંદરાં પાળવાં જોઈએ..! પણ કૂતરા જેવી ‘ક્વોલીટી’વાંદરામાં ક્યાં હોય છે..? જૈસી જિસકી શૌચ..! પેટછૂટી વાત કરીએ તો, જ્યારથી પૃથ્વીના પટ ઉપર વૃધ્ધાશ્રમોએ જમાવટ કરવા માંડી છે, ત્યારથી મા -બાપ વૃધ્ધાશ્રમમાં રહે છે ને કૂતરાઓ દીકરાના ખોળામાં ઉછરે છે. આ બધો પૂર્વજન્મનો હિસાબ છે..!

કૂતરાબાજી વાંચીને ઘણાંને થશે કે, આજે કૂતરાના પાયે બેઠી કે શું..? મુદ્દાની વાત એ છે કે, લોકોનું હસતાં હસતાં ખસી જાય, એમ મારું હસાવતાં હસાવતાં ખસી ગયું! આપણો તો એક જ મકસદ...

ૐ સર્વે ભવન્તુ સુખિનઃ। સર્વે સન્તુ નિરામયાઃ।

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ। મા કશ્ચિત્ દુઃખ ભાગ્ભવેત્॥

કૂતરો માત્ર પાળતુ નથી. ઘરના clown, bodyguard, entertainer અને emotional support system છે. એના વગર ઘરમાં શાંતિ મળે, મજા નહીં..! કોઈને ત્યાં આલીશાન સોફા ઉપર કૂતરો બેઠો હોય કે મોંઘીદાટ ગાડીમાં ડોકિયાં કાઢીને ફરતો હોય ત્યારે એ જોઈને ચચરી તો આવે યાર..! આપણને ખાવાના ફાંફા હોય ને કૂતરાં બંગલામાં બેસીને લક્ઝરી ડીશમાં મોંઘીદાટ ડોગી-ડીશ ઠોકતો હોય, તો ચચરાટ તો થાય જ ને દાદૂ..? બળતરા થાય કે વાહ..? ‘કૂત્તેકા ભી એક દિન આતા હૈ ક્યા..!’

સારું છે કે, કૂતરા લેખ વાંચતા નથી. નહિ તો ‘કૂતરા-દ્રોહી’માં ખપાવી, મારી હાલત ખરાબ કરી નાંખી હોત..! મને કોઈ મહોલ્લાના કૂતરા સાથે અણબનાવ નથી, તેમ ભાઈબંધી પણ નથી. કૂતરા પાળવાની ત્રેવડ જ નથી. રેશનકાર્ડવાળી વસ્તીને જ પાળવામાં ‘ફીંફાઆઆઆ’ નીકળી જાય તો, કૂતરાં તો શું, બિલાડાં પાળવાની પણ તાકાત નથી..! એના કરતાં કોઈ ગરીબના છોકરાને દત્તક લીધેલા સારા..!

**લાસ્ટ બોલ**

*પેટછૂટી વાત કરું તો, મારી પાછળ કૂતરાં પડ્યાં છે, એવું કહેતાં પણ મને શરમ આવે..! એટલા માટે કે, કોઇ પણ છાપાવાળો એની નોંધ નહિ લે. પણ વાઘ-સિંહ-જિરાફ-ઝીબ્રા કે દીપડા પડ્યા હોય તો, છાપાના પહેલા પાનાની હેડલાઈન બને..! જે લોકો એમ કહે કે, કૂતરા પાળવાથી, રાહુ-કેતુના અશુભ પ્રભાવોથી રાહત થાય. કૂતરો પાળવાથી, શનિના દોષોનું નિવારણ થાય, નકારાત્મક ઊર્જાનો નાશ થાય, અશુભ ગ્રહો શાંત થાય..! જો એવું થતું હોય તો કૂતરાઓ પ્રજાનું કેટલું બધું હિત સંભાળે છે..? સરકારે તો આ માટે ‘કલ્યાણ મેળો’રાખીને, પ્રજાને ખરેખર એક એક કૂતરો ભેટ આપવો જોઇએ..! શું કહો છો ચમનિયા..? એના કપાળમાં કાંદા ફોડું..!*

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સાંસદ-ધારાસભ્યો, બસમાં કેમ ફરતા નથી?

મતદારોના મતોથી ચૂંટાઈને જતા પ્રતિનિધિઓ એટલે સાંસદ અને ધારાસભ્યો છે. આ બંનેની ફરજ પ્રજાના પ્રશ્નો, સમસ્યા સાંભળીને તેને ઉકેલવાની છે. ગુજરાત બસ પરિવહન નિગમ દ્વારા રાજ્યભરમાં એસ.ટી. બસ દોડાવવામાં આવે છે. ૬૦ સીટની બસમાં સાંસદ-ધારાસભ્ય માટે બે સીટ રીઝર્વ રાખવામાં આવે છે. પરંતુ હવે તો સાંસદ કે ધારાસભ્યો એસ.ટી. બસમાં મુસાફરી કરતા જોવા મળતાં નથી. ખરેખર જો સાંસદ-ધારાસભ્ય એસ.ટી. બસ કે રેલ્વેમાં પ્રજા સાથે મુસાફરી કરે તો પ્રજાની શું સમસ્યા કે પ્રશ્નો છે તે જાણી શકાય પહેલા ગાંધીવાદી વિચારસરણીવાળા સાંસદ-ધારાસભ્યો એસ.ટી., રેલ્વેમાં મુસાફરી કરતા હતા. હવે તો રાજકારણ પ્રવાહી બન્યું છે. સત્તાધારી પક્ષે બહુમતીનો મત મેળવવા કે પુરવાર કરવા માટે કટોકટી હોય તો સાંસદ કે ધારાસભ્યોને લાખો રૂપિયા આપીને હોર્સ-ટ્રેડીંગ અને સોદાબાજી કરવી પડે છે. ઉપરાંત હવે તો સાંસદ-ધારાસભ્યોના પગાર ભથ્થાં મફત સગવડો એટલી બધી છે કે ‘સફેદ હાથી’ જેવા માનવામાં આવે છે.

એકવાર ચૂંટાઈ આવે એટલે ગાડી, બંગલા સંપત્તિના માલિક બની જતા હોય છે. પછી એસ.ટી. કે ટ્રેનમાં શા માટે ફરે? તે જોતા સરકારે બસમાં જે સાંસદ ધારાસભ્ય માટે રીઝર્વ સીટ હોય છે. તેને રદ કરીને તેના સ્થાને સગર્ભા બહેન કે વિકલાંગ માટે બે સીટ અનામત (રીઝર્વ) રાખવી જોઈએ.

તરસાડા, માંડવી -પ્રવીણસિંહ મહીડા

## સ્વ રોજગાર શા માટે?

દરેક વ્યક્તિને કોઈપણ કામ કરવા માટે તત્પરતા હોવી જરૂરી છે. દરેક વ્યક્તિને મેળવવી છે સારી સરકારી નોકરી, પણ દરેક વ્યક્તિ માટે સરકારી નોકરી મળવી આસન નથી. ચોક્કસ વર્ગના લોકોને તો સરકારી નોકરીઓ પર જ આધાર રાખવો પડે છે કેમ કે સારી ખાનગી નોકરીઓમાં સહેલાઈથી રાખવામાં આવતા નથી. જો કે હાલ થોડો સુધારો જોવા મળ્યો છે. તેમજ સરકાર તરફથી પણ સ્વ રોજગાર માટે અનેક યોજનાઓ લાગુ કરવામાં આવી છે ત્યારે કોઇપણ વ્યક્તિ કોઈપણ પ્રકારના ભેદ-ભાવો વગર ધંધો કરી શકે છે. કાયદા હેઠળ પણ રક્ષણ આપવામાં આવે છે. સ્વ રોજગારની વાત કરીએ તો શરૂઆતમાં નાના પાયે રોજગાર શરૂ કરવો જોઈએ. જો કે વેપાર-ધંધો કરવો એ પડકાર રૂપ તો છે, પરંતુ આપણી સમક્ષ એવા ઉદાહરણ જોવા મળશે કે નાના પાયે રોજગાર શરૂ કરવાવાળી હાલની સ્થિતિમાં મોટા ઉદ્યોગ પતિ થઈ ગયા છે. દરેકને શેઠ બનવાની ઈચ્છા હોય પણ તે ક્યારે શક્ય બની શકે કે યુવાનીમાં સાચી દિલથી મજૂરી કરી હોય તો કોઈપણ કામમાં ભવિષ્યમાં શેઠ બની જશો. માટે સ્વ રોજગારને પ્રાધાન્ય આપવાનો સમય આવી ગયો છે.

સુરત - ચંદ્રકાંત રાણા

## આપણી નિર્માલ્યતા

ભારત દેશનો ઈતિહાસ જોઈએ તો મધ્ય એશિયામાંથી ભારત આવેલા મુઘલ કેટલાં હતાં? થોડાં હજાર, છતાં તેઓએ સદીઓ સુધી ભારત પર શાસન કર્યું.

ભારત પર જ્યારે અંગ્રેજોએ શાસન કર્યું ત્યારે અંગ્રેજો કદાચ દશ હજાર હતાં, જ્યારે ભારતીઓ 30 કરોડ જેટલાં હતાં. તો પછી ભારતની જનતા પર અત્યાચાર કોણે કર્યા? જલિયાવાળા બાગમાં આદેશ આપ્યો ત્યારે બંદૂકનું સ્ટ્રીગર કોણે દબાવ્યું? તે ભારતીય સૈનિકો હતા, ત્યારે આ જ ભારતીય સૈનિકોએ જનરલ ડાયર પર બંદૂક કેમ ન ચલાવી? આઝાદીના લડવૈયા ક્યાં છુપાયા છે તેની બાતમી અંગ્રેજોને કોણે આપી? આ જ પરંપરા હજુ પણ આઝાદ ભારતમાં ચાલી રહી છે. આઝાદીના લડવૈયા આઝાદી માટે પ્રાણ ન્યોછાવર કરનાર એક પોતડી, એક લાકડીથી આઝાદી અપાવનાર બાબતે આજના વૈભવી નેતા પ્રજાને શીખ આપી રહ્યા છે. આપણે ઉત્સાહથી લાઈનમાં ઊભા રહી આપણી પ્રિય પાર્ટીને મત આપી જીતાડવાના અરમાન લઈને આવીએ ત્યારે આપણા જ ચૂંટાયેલ આપણો સેવક કરોડોમાં વેચાય છે. આ છે આપણા પવિત્ર અને કિંમતી મતની કિંમત. હવે તો પક્ષપલટા વિરોધી કાયદાને પણ દફનાવી દેવામાં આવ્યો છે. એ તો એમ જ ચાલે... આપણા એકલાથી શું થવાનું? ખજાના ભરે છે. માગનાર માલામાલ... આપના બેહાલ આપણી વફાદારી હવે દેશ પ્રત્યે નહીં પણ આપણા પેટ પ્રત્યેની ચિંતા પ્રત્યે છે અને આપણા સેવક એ જ સુપેરે કરી રહ્યા છે.

સુરત - બળવંત ટેલર

## ન્યાયમાં વિલંબ હોય તે પણ અન્યાય છે

ભારત દેશના ન્યાયનો વિલંબ એટલે છે કે ફરિયાદી અને આરોપી બંનેનાં મૃત્યુ થયાં પછી પણ તેમને ન્યાય મળતો નથી. ભારતમાં ન્યાયપ્રક્રિયા મૂળથી જ બદલવાની આવશ્યકતા છે. એક દાખલો આપું તો પુણે નજીકના વાડકી ગામના રહેવાસી જાધવે આક્રોશ અને હતાશા ઠાલવ્યાં હતાં કે મારી જમીન પર 1997થી મારા ભાઈઓ અને સગાંવાળાંઓએ મકાન બાંધી દીધાં છે. તેઓ સુખમય જીવે છે અને હું 23 વર્ષથી કોર્ટના ધક્કા ખાઈ રહ્યો છું. 27 વર્ષથી ન્યાયની રાહ જોઈને થાકેલાં વૃદ્ધો પુણેથી કોર્ટમાં જ જીવન ટૂંકાવ્યું. આ બધું ત્યારે એક ફિલ્મમાં સની દેઓલ આક્રોશ સાથે કોર્ટમાં કહે છે. તારીખ પે તારીખ, તારીખ પર તારીખ, મિલતી રહી છે. પણ માનવીય લોર્ડ લેકિન ઈન્સાફ નહી મિલા-મિલી હે તો તારીખ. પુલ તૂટવાની ઘટનામાં કે વિમાન કે રેલવે અકસ્માતમાં પોતાના નજીકનાં ગામોના જીવ જાય છે પણ ન્યાય માટે ધક્કા ખાવા પડે છે. આપણા દેશની કડવી વાસ્તવિકતા છે અને એ વાસ્તવિકતાનો યોગ કેટલાંક નિર્દોષ નાગરિકો બની રહ્યાં છે.

સુરત- મહેશ આઈ. ડૉક્ટર

## પેન્શન યોજના-95માં અન્ય કર્મચારીઓનું શું?

હાલમાં જ ગુજરાત બોર્ડ નિગમ કર્મચારીઓનું લઘુતમ પેન્શન 9000/- નક્કી કરાયું. પ્રશ્ન એ છે કે આ અંગે ભેદભાવ કેમ? એ સિવાય દેશનાં કરોડો પેન્શનધારકોને આજે પણ માસિક પેન્શન રૂા. 1000 કે 1500/- મળે છે. જે આજની મોંઘવારીમાં બિલકુલ ગેરવ્યાજબી અને અન્યાયી નીતિ છે. છેલ્લાં 10 વર્ષથી પેન્શન વધારા અંગેની લડાઈ જુદાં-જુદાં સંગઠનો દ્વારા લડી રહ્યા છે અમે આ અંગે રજૂઆત મેઘાલય નાણામંત્રી, તેમજ વડા પ્રધાનને પણ કરવામાં આવી છે. પરંતુ પરિણામ માત્ર આશ્વાસન જ મળ્યું છે. જે દુઃખદ છે. હવે ટૂંક સમયમાં દેશનાં અનેક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના નગારા વાગી રહ્યા છે. હવે આશા રાખીએ કે દેશનાં કરોડો પેન્શન ધારકોને નારાજ કરવાનું જોખમ સરકારે નહીં લેશે.

રાજુ રાવલ - મોટા મંદિર